**ક્રિ.કે.નં.–૩૨૬૦/૨૦૨૪**
**આંક– ૨૧**

**નામ :– સીધ્ધાંત તરુનેશ શર્મા**
**ધંધો :– આઇડીબીઆઈ બેન્ક ,દાહોદ**
**ઉ.વ. :– ૩૦**
**રહેવાસી :– ગોધરા રોડ,દાહોદ તા.જી.દાહોદ**

**ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.૧આઈડીબીઆઈ બેન્ક ,દાહોદના આસીસન્ટન્ટ મેનેજરની આંક–૨૧ની સોગંધ ઉપર સર તપાસ ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી ડી.એસ.કાપડીયા સોગંધ આપ્યા**

(૧) હું આજરોજ નામ.કોર્ટના સાહેદ સમન્સના આધારે સાહેદી આપવા કોર્ટ રૂબરૂ હાજર રહેલ છું.હું દોઢ વર્ષથી આસીસન્ટન્ટ મેનેજરના હોદદા ઉપર આઈડીબીઆઈ બેન્ક દાહોદખાતે ફરજ બજાવું છું. આજરોજ હુ મારી સાથે કોર્ટના સાક્ષી સમન્સમા જણાવેલ હુ મારી સાથે ચેક અનાતર થયા અંગેનો મેમો તથા ખાતાનો ઉતારો સાથે લાવેલ છુ. આરોપીનો ચેક '' એડવાઇસ નોટ રીસીવ '' ના કારણે અનાદર થયેલ તા. ૩૧/૫/૨૪ના રોજ આરોપીના ખાતામા રૂ. ૧૧.૪૬/–પૈસા હતા. આરોપીના ખાતામા ચેક રજુ થયા સમયે ચેક એમાઉન્ટ રૂ. ૫,૦૦,૦૦૦/–જેટલુ બેલેન્સ ન હતુ. એડવાઈસ નોટ રીસીવ એટલે બેન્કે આરોપી પાસે માહીતી માગી અને આરોપીએ ચેક મંજુર કરવા ના પાડી તે થઈ શકે. આરોપીએ ચેક રજુ થયા તારીખે કે તે અગાઉ અમોની બેન્કમા ચેક ગુમ થયા બાબતે આરોપીએ કોઇને ચેક નહી આપવા બાબતે ચેકનુ પેમેન્ટ સ્ટોપ કરવા બાબતે કોઈ અરજી આપેલ નથી. ચેકમા આરોપીની સહી બેન્કના સ્પેસીમેન સીગ્નેચર પ્રમાણેની બરાબર છે. આરોપીએ ચેક અંગે એડવાઈઝ નહી આપવાનુ એક કારણ તેઓના ખાતામા અપુરતુ ભંડોળ હોવાનુ હોઈ શકે. મે રજુ કરેલ મેમો તથા આરોપીના ખાતાનો ઉતારો બેન્કના રેકર્ડ મુજબ બરાબર છે આજરોજ હુ મારી સાથે અમારા બેન્કના કોમ્પ્યુટરના સ્ક્રીન શોર્ટવાળી લઈને આવ્યો છુ જે ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૨૨** આજરોજ હુ મારી સાથે હીરાલાલ ગુલાબરાય મન્સુખાનીના કરન્ટ એકાઉન્ટના તા. ૧/૧/૨૪ થી તા. ૬/૨/૨૫ સુધીનુ બેન્કના સીકકાવાળુ સ્ટેટમેન્ટ લઈને આવ્યો છુ જે ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૨૩**

<u>બચાવ પક્ષ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી ડી.એચ.મેઘવાણી ધ્વારા</u>

(૨) હું દોઢ વર્ષથી આસીસન્ટન્ટ મેનેજરના હોદદા ઉપર આઈડીબીઆઈ બેન્ક દાહોદખાતે ફરજ બજાવું છુ. ચેક પરત ભર્યો ત્યારે આસીસન્ટન્ટ મેનેજરના હોદદા ઉપર આઈડીબીઆઈ બેન્ક દાહોદખાતે ફરજ બજાવતો હતો. જે તે વખતના અધિકારી દવારા આરોપી પાસેથી ચેક બાબતે માહીતી માગતા આરોપીએ આવો કોઈ ચેક ઈસ્યુ નહી કરેલ હોવા બાબતની જાણકારી આપેલ હોવાના કારણે જે તે વખતના અધિકારીએ રીર્ટન મેમોમા આ શેરા સાથે ચેક પરત કરેલ હશે. ઉપરોકત કીસ્સામા અમારી સાથે કે અમારી મારફતે આરોપીની કોઈ વાતચીત થયેલ નથી. એ વાત ખરી છે કે, જયારે કોઈ કસ્ટમર અમને ચેક બાબતે આવી કોઈ માહીતી આપેતો આગળની કોઈ પ્રોસીજર અમારે કરવાની રહેતી નથી.

ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી.ડી.એસ.કાપડીયાએ ઉપસ્થીત કરેલ બચાવ પક્ષના ચેકની સ્પેસીમેન સીગ્નેચરના વાંધા અંગે જણાવેલ છે કે, ચેકની સહી બાબતે બચાવ પક્ષે તકરાર લીધેલ નથી અને સાહેદને સાહેદ સમન્સની અરજીમા જે દસ્તાવેજી પુરાવાઓ લઈને આવ્યા છે અને તેના આધારે રેકર્ડ આધારીત જુબાની આપેલ હોય જેથી બચાવ પક્ષે પુછેલ પ્રશ્ન સ્પેસીમેન સીગ્નેચરનો નમુનો સાથે આપ લાવેલ નથી તેવા પ્રશ્ન સામે ફરીયાદ પક્ષે ઉપસ્થીત કરેલ વાંધા અંગે આખરી દલીલમા વીગતવાર સાંભળી આખરી ચુકાદામા તે અંગેના તારણો આપવાનુ ઠરાવી હાલના તબકકે બચાવપક્ષનો પ્રશ્ન પુછવાની પરવાનગી આપી.

એ વાત ખરી છે કે, સ્પેસીમેન સીગ્નેચરનો નમુનો આજરોજ હુ મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે, જે તે અધિકારી સાથે આરોપીએ ચેક નહી આપેલ હોવા બાબતે શુ કારણ મારા અગાઉના અધિકારીને આપ્યુ તેની મને અંગત જાણકારી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સીસ્ટમમા રહેલી જાણકારી મુજબનો આધાર પુરાવો આંક–૨૨ થી રજુ કરેલ છે.

ફેર તપાસ નથી.

મારી રૂબરૂ

તા. ૭/૨/૨૦૨૫

(એન.જી.સુરતી)

દાહોદ

એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

**નામ :– અંકીતકુમાર પ્રહલાદભાઈ ત્રીપાઠી**
**ધંધો :– ધી દાહોદ અર્બન કો.ઓ.બેન્ક દાહોદ**
**ઉ.વ. :– ૩૨**
**રહેવાસી :– ગોદી રોડ,દાહોદ તા.જી.દાહોદ**

**ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.ર ધી દાહોદ અર્બન કો.ઓ.બેન્ક દાહોદના જુનીયર ઓફીસરની આંક–૨૪ની સોગંધ ઉપર સર તપાસ ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી ડી.એસ.કાપડીયા**
**સોગંધ આપ્યા**

(**૧**) હું આજરોજ નામ.કોર્ટના સાહેદ સમન્સના આધારે સાહેદી આપવા કોર્ટ રૂબરૂ હાજર રહેલ છું.હું સાતવર્ષથી જુનીયર ઓફીસરના હોદદા ઉપર ધી.દાહોદ અર્બન કો.ઓ.બેન્ક દાહોદખાતે ફરજ બજાવું છુ. આજરોજ હુ મારી સાથે કમલેશ હીરાલાલ માળીના બચત ખાતામા ચેક નં. ૧૪૦૪૯૯ રૂ. ૫,૦૦,૦૦૦/–ની રકમનો કારણ એડવાઈઝ નોટ રીસીવડ ચેક તા. ૨૦/૪/૨૪ ડોઅર નેમ હીરાલાલ જી. મન્સુખાનીનો ચેક રીર્ટન મેમો બેન્કના સીકકા તથા મેનેજરની સહી વાળો હુ આજરોજ લઈને આવ્યો છુ જે રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક– ૨૫** એડવાઈઝ નોટ રીસીવનો અર્થ એ છે કે ચેક આપનાર વ્યકતીએ ચેકની રકમ રૂપીયા બે લાખથી વધુ હોય તો ચેક આપનાર વ્યકતીની બેન્કને ચેક આપનાર વ્યકતીએ મૌખીક અથવા લેખીત જેવા બેન્કના નીયમો હોય તે મુજબ કરવી પડે અને જો વ્યકતી આવી જાણ ન કરે તો એડવાઈઝ નોટ રીસીવનો શેરો જે બેન્કનો ચેક અને ખાતુ હોય તે બેન્ક આપતી હોય છે. અમે પણ બેન્કની કેટેગરીમા આવીએ છીએ. એડવાઈઝ નોટ રીસીવના શેરા અંગેની મે જે હકીકત જણાવી તે કયા કાયદા અને કયા નીયમમા આવે છે તે હુ કહી શકુ નહી.

બચાવ પક્ષ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી ડી.એચ.મેઘવાણી દ્વારા

(૨) હુ છેલ્લા પાંચ વર્ષથી રીકવરી એન્ડ લીગલ ડીપાર્ટમેન્ટના હોદદા ઉપર છુ. એ વાત ખરી છે કે, અમારી અર્બન કો.ઓ.બેન્ક નેશનલાઈઝ બેન્ક નથી. એ વાત ખરી છે કે, અમારી બેન્કના નીયમ તથા નેશનલાઈઝ બેન્કના નીયમ અલગ પડે છે. એ વાત ખરી છે કે, આઈડીબીઆઈ બેન્ક નેશનલાઈઝ બેન્ક છે. એ વાત ખરી છે કે, બેન્કના સામાન્ય નીયમોથી હુ જાણકાર છુ. એ વાત ખરી છે કે, આંક–૮વાળા ચેકમા ફરીયાદીના નામમા ફરીયાદીના પિતાનુ નામ હીરાલાલ લખેલ છે તેમા ચેકચાક છે અને ઓવર રાઈટીંગ છે.

સવાલ :– નામમા ઓવર રાઈટીગ ચેકચાક થયેલ હોય ત્યા ટુકી સહી જરુરી હોય છે?

જવાબ :– નામમા ઓવર રાઈટીગ કે ચેકચાક હોય તો ટુકી સહી ચલાવતા નથી.

સવાલ :– ચેકચાક તથા ઓવર રાઈટીગ વાળો ચેક હોય અને તેમા ચેક આપનારની ટુકી સહી ન હોય તો તે ચેક બેન્કીગ નીયમોઅનુસાર કલીયરીગ થવાને પાત્ર નથી?

જવાબ :– કલીયરીગમા આપેલ ચેકમા ફકત તારીખમા સુધારો હોય તેવા કેસમા તારીખની નીચે સુધારો કરી ચેક લખનારની પુરેપુરી સહી માન્ય ગણાય તે સીવાય કોઈ પણ સુધારો તથા તેની જોડે કરેલ સહી માન્ય ગણાતી નથી.

સવાલ :– આરોપીની બેન્કે એડવાઈઝ નોટ રીસીવ અંગેના શેરા સાથે હાલનો આંક–૮વાળો ચેક પરત કરેલ તે અંગેની જાણ આરોપીની બેન્ક પાસે જ હોય તમને એ સંબંધી માહીતી નથી?

જવાબ :– એડવાઈઝ નોટ રીસીવનો મેમો બેન્ક ત્યારે જ આપે જયારે બેન્કને ચેક લખનાર તરફથી કોઈ લેખીત કે મૌખીક જાણ કરેલ ન હોય.

સવાલ :– આરોપીની આઈડીબીઆઈ બેન્કે જે પરત મેમોથી ચેક પરત થયા અંગેની જાણ કરતો મેમો ફરીયાદી બેન્કને આપેલ તે જ મેમોથી તમોએ ફરીયાદીને જાણ કરેલ જે મેમો આ કામે આંક–૯થી આ કામે રજુ થયેલ છે?

જવાબ:– બેન્કે જે તે સમયે કસ્ટમરને ચેક જોડે આપેલ મેમોમા આઈડીબીઆઈ બેન્ક તરફથી મળેલ સાચુ રીઝન કોડની ફેર બદલીના લીધે અપાયેલ નથી આજરોજ સાચા રીઝન જોડેનો મેમો કોર્ટમા આંક–૨૫થી રજુ કરેલ છે.

એ વાત ખરી છે કે, આંક–૯ના રીર્ટન મેમામા જે અમારી બેન્ક દવારા ચેક પરત થવા અંગેનુ કારણ જણાવવામા આવેલ છે તે મુજબ નેમ ડીફર્સ ઓન એડવાઈઝ એવુ જણાવેલ છે.

સવાલ :– નેમ ડીફર્સ ઓન એડવાઈઝનો અર્થ શુ થાય?

જવાબ :– નામ અને રકમ શબ્દોમા તથા આંકડામા અલગ હોય ત્યારે આ મેમો અપાય.

એ વાત ખરી નથી કે, કે જે તે વખતે આરોપીની બેન્કે જે પરત મેમોથી હાલની ફરીયાદવાળો ચેકનુ કારણ દર્શાવી પરત મેમો મોકલાવેલ હતો તેનો અભ્યાસ કરી અમારી બેન્કના અધિકારીએ હાલનો આંક–૯વાળો પરત મેમો આપેલ હતો. હુ જે તે વખતે આ મેમો આપનાર અધિકારી કોણ હતા તે બાબતે જણાવુ છુ કે નવરંગભાઈ દેસાઈનાઓએ તેઓની સહી સીકકાથી આ હાલનો પરત મેમો ઈસ્યુ કરેલ હતો. એ વાત ખરી છે કે, આંક–૯વાળા પરત મેમાની એક નકલ અમારી પાસે પણ હોય છે.

એ વાત ખરી છે કે, અલગ મેમો અપાય ગયાની જાણ આજરોજ હુ જુબાની આપવા આવ્યો ત્યારે થયેલ છે. એ વાત ખરી છે કે, આંક–૯વાળો પરત મેમો આપ્યા બાદ ત્યાર પછી અમારી બેન્ક દવારા ફરીયાદીને શરતચુકથી ખોટો બીજો મેમો અપાઈ ગયેલ હોય અને તેઓને સાચો મેમો અમારી બેન્ક તરફથી પત્ર વ્યવહાર દવારા આપવામા આવેલ હોય તેવુ બનેલ નથી.

સવાલ :– આંક–૯ વાળા મેમામા જે ભુલ થઈ છે તે તમારી બેન્કની ભુલ છે?

જવાબ :– આ કોડ તથા સીસ્ટમની એરરના લીધે છે.

એ વાત ખરી નથી કે, ચેકચાક વાળા તથા ઓવર રાઈટીગ વાળા ચેકમા ફરજીયાત પણે ચેક લખનારની સહી અથવા ટુકી સહી લેવામા આવે છે તે હકીકત થી તમો જાણકાર હોવા છતા પણ આજરોજ તમે ખોટી જુબાની આપો છો.

ફેર તપાસ નથી. મારી રૂબરૂ

તા. ૭/૨/૨૦૨૫ (એન.જી.સુરતી)

દાહોદ એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા તે ખરી અને કબુલ રાખેલ છે.

(એન.જી.સુરતી)
એડી. ચીફ.જયુડી.મેજી.કોર્ટ દાહોદ